**બઢતી માટેની કોમન ખાતાકીય પરીક્ષા નિયમોના ખાતાકીય પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ નક્કી કરવા બાબત...**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2023/2964/CHH

સચિવાલય, ગાંધીનગર

તારીખ: E-sign મુજબ.

**વંચાણે લીધા:-**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૩/૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંક: GS/2015/12-A/KTP/ 102014/1509/K

(૨) આ વિભાગનો તા.૧૩/૧૨/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૫/૯૨૪૧૪/છ

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના સમાનાંકી પત્ર ક્રમાંક: DSD/LED/e-file/226/2023/1831/Administrative Branch ના તા.૧૦/૦૮/૨૦૨૩ તથા તા.૧૪/૦૫/૨૦૨૬ ના પત્રો.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) ના સા.વ.વિ. ના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) ખાતાકીય પરીક્ષા (સામાન્ય) નિયમો-૨૦૧૫ ઘડવામાં આવેલ છે. સદર જાહેરનામાથી વિભાગ હસ્તકની દરેક કચેરી માટે જુનિયર કલાર્કની જગ્યાએથી સિનિયર કલાર્કની જગ્યાએ અને સિનિયર કલાર્કની જગ્યાએથી હેડ ક્લાર્કની જગ્યાએ બઢતી માટેના ખાતાકીય પરીક્ષાના નિયમો તથા જુનિયર કલાર્કમાંથી સિનિયર ક્લાર્કની જગ્યાએ બઢતી માટે નિમ્ન સ્તરનો અભ્યાસક્રમ તથા સિનિયર કલાર્કમાંથી હેડ કલાર્કની જગ્યાએ બઢતી માટે ઉચ્ચ સ્તરનો અભ્યાસક્રમ પ્રશ્નપત્ર- ૧ થી ૪ મુજબ નિયત કરવામાં આવેલ છે.

નિમ્ન સ્તર અને ઉચ્ચ સ્તરની પરીક્ષાઓ માટે પ્રશ્નપત્ર-૧ થી ૪ નો એક સામાન્ય અભ્યાસક્રમ અલગ અલગ વિષયવાર મુદ્દાઓ સાથે નિર્ધારિત કરવામાં આવેલ છે. જ્યારે વિભાગ હસ્તકની દરેક કચેરીઓની કામગીરીને ધ્યાને લઈ નિમ્ન સ્તર અને ઉચ્ચ સ્તરની પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર-૫ ઘડવામાં આવેલ એકટ અને નિયમો તથા તેની પ્રવૃત્તિઓને લગતું રાખવાનું થાય છે. જેમાં સંબંધિત કચેરીની ખાતાકીય કામગીરીનો સમાવેશ કરી વંચાણે લીધેલ ક્રમાંક:(૧) ના જાહેરનામાની જોગવાઇ અનુસાર વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:(૨) ના ઠરાવથી જુનિયર કારકુનમાંથી સિનિયર કારકુનની જગ્યાએ બઢતી માટે નિમ્ન સ્તર ખાતાકીય પરીક્ષાના (Lower Level Departmental Exam) પ્રશ્નપત્ર-૫ નો અભ્યાસક્રમ તથા સિનિયર કારકુનમાંથી હેડ કલાર્કની જગ્યાએ બઢતી માટે ઉચ્ચતર ખાતાકીય પરીક્ષાના (Higher Level Departmental Exam) પ્રશ્નપત્ર-૫ નો અભ્યાસક્રમ અનુક્રમે 'Appendix-A' તથા 'Appendix-B' થી નિયત કરવામાં આવેલ છે.

નિયામક, સમાજ સુરક્ષા ખાતા દ્વારા અમલીકૃત કાયદાઓ તથા યોજનાઓમાં સુધારા-વધારા થયેલ હોવાથી તથા કેટલાક જૂના કાયદાઓ તથા યોજનાઓ હાલમાં અમલમાં ન હોવાથી ઉક્ત અભ્યાક્રમમાં સમાવિષ્ટ યોજનાઓ અને જૂના કાયદાઓ હાલ અપ્રાસંગિક બનતા તેમજ કેટલાક મુદ્દાઓનો અન્ય પ્રશ્નપત્રમાં સમાવેશ કરવામાં આવેલ હોઇ, અદ્યતન પરિસ્થિતિએ અમલમાં હોય તેવા કાયદાઓ તથા યોજનાઓ મુજબ નિમ્ન સ્તર ખાતાકીય પરીક્ષા તથા ઉચ્ચ સ્તર ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્ર-૫ ના ઉકત નિયત થયેલ અભ્યાસક્રમમાં સુધારો કરવો અનિવાર્ય જણાય આવતા, નિયામકશ્રીએ વંચાણે લીધેલ ક્રમાંક: (૩) ના પત્રોથી સૂચિત અભ્યાસક્રમ સહિત આ અંગે જરૂરી સુધારા થઇ આવવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, વિભાગ હેઠળના સમાજ સુરક્ષા ખાતા હસ્તકના કર્મચારીઓની બઢતી માટે વંચાણે લીધેલ ક્રમાંક:(૧) ના જાહેરનામાથી બહાર પાડેલ ખાતાકીય પરીક્ષાના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર-૫ માટે નવેસરથી નીચે મુજબનો અભ્યાસક્રમ આથી નિયત કરવામાં આવે છે:-

૧. જુનિયર કારકુનમાંથી સિનિયર કારકુનની જગ્યાએ બઢતી માટે નિમ્ન સ્તર ખાતાકીય પરીક્ષા (Lower Level Departmental Exam) માં નિયત થયેલ પ્રશ્નપત્ર-૫ નો અભ્યાસક્રમ આ ઠરાવ સાથે સામેલ જોડાણ 'Appendix-A' મુજબનો રહેશે.

૨. સિનિયર કારકુનમાંથી હેડ કલાર્કની જગ્યાએ બઢતી માટે ઉચ્ચ સ્તર ખાતાકીય પરીક્ષા (Higher Level Departmental Exam) ના પ્રશ્નપત્ર-૫ નો અભ્યાસક્રમ આ ઠરાવ સાથે સામેલ જોડાણ 'Appendix-B' મુજબનો રહેશે.

આ ઉપરાંત નિયામક, સમાજ સુરક્ષા કચેરીએ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:(૧) ના જાહેરનામાથી બહાર પાડેલ ખાતાકીય પરીક્ષાના નિયમો અને અભ્યાસક્રમ તથા ત્યારબાદના વખતોવખતના સુધારા નિયમો અને અભ્યાસક્રમ ધ્યાને લેવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જિજ્ઞા પટેલ)**

ઉપ સચિવ (સ.સુ.)

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

* (૧) માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(3) માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૪) માન. મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૫) માન. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૬) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૭) અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ), સામાન્ય વહીવટ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૮) સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

*(૯) સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં.૨, પહેલો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર

(૧૦) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૧) કમિશ્નરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓના કમિશ્નરશ્રીની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.

*(૧૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ

*(૧૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

*(૧૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૫) સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)

(૧૬) સેક્શન અધિકારીશ્રી, છ-૧/છ-૨ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૭) સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ.

(૧૮) શાખા સીલેક્ટ ફાઇલ-૨૦૨૬

* (પત્ર દ્વારા)

<u>ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2023/2964/CHH Section સાથેનું બિડાણ:-</u>

<u>Appendix-A</u>

<u>Directorate of Social Defense Department</u>

<u>Lower Level Departmental Exam</u>

Paper 5 : General knowledge about Social Defense Department (With Books)

Time Duration – 2 Hours

Total Marks – 100

| Sr. No. | Subject | Marks |
|---|---|---|
| A | General knowledge about Social Defense Department | |
| 1 | Grant in Aid Code-1992 | 10 |
| 2 | The Probation of offenders Act -1958 and Rules-1973 made there under | 10 |
| 3 | The Prohibition of Child Marriage Act-2006 and Rules-2008 made there under | 10 |
| 4 | The Maintenance and Welfare of Parents and Senior Citizens Act- 2007 and Rules, 2011 | 10 |
| 5 | The Rights of Persons with Disabilities Act, 2016 & The Gujarat Rights of Persons with Disabilities Rules, 2019 | 10 |
| | | |
| B | Important Schemes Implemented by Social Defense Department (Scheme Booklet) | 50 |

<u>Appendix-B</u>

<u>Directorate of Social Defense Department</u>

<u>Higher Level Departmental Exam</u>

Paper 5 : General knowledge about Social Defense Department (With Books)

Time Duration – 2 Hours

Total Marks – 100

| Sr. No. | Subject | Marks |
|---|---|---|
| A | General knowledge about Social Defense Department | |
| 1 | Grant in Aid Code-1992 | 10 |
| 2 | The Juvenile Justice (Care and Protection) of children Act 2015 and The Gujarat Juvenile Justice (Care and Protection) of children Rules-2019 | 10 |

| | | |
|---|---|---|
| 3 | The Probation of offenders Act -1958 and Rules-1973 made there under | 05 |
| 4 | The Prohibition of Child Marriage Act-2006 and Rules-2008 made there under | 05 |
| 5 | The Rights of Persons with Disabilities Act, 2016 & The Gujarat Rights of Persons with Disabilities Rules, 2019 | 10 |
| 6 | The Bombay Prevention of Begging Act 1959 and Rules-1964 made there and The Gujarat Prevention of Begging (Amendment) Act -2018 | 05 |
| 7 | The Maintenance and Welfare of Parents and Senior Citizens Act- 2007 and Rules, 2011 | 05 |
| 8 | Transgender persons (Protection of Rights) Act-2019 & Rules 2020 | 05 |
| | | |
| B | Important Schemes Implemented by Social Defense Department (Scheme Booklet) | 45 |

Signature Not Verified
Signed by : Jigna M Patel
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.08.19 18:25:21 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign